ગુજરાતમિત્ર | વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### મહીસાગરમાં સેન્ટ્રલાઈઝ કિચનનો મધ્યાહન ભોજનના કર્મીઓ દ્વારા વિરોધ



**સંતરામપુર :** મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં બાળકોને પી.એમ.ષોષણયોજના હેઠળ સેન્ટ્રલાઈઝ કીચન ઉભું કરીને તૈયાર પોષ્ટીક આહાર ભોજન શાળાઓમાં પહોંચાડવાનું સરકાર દ્વારા આયોજન કરાઈ રહેલ હોઈ આ કીચન માટે જરૂરી જગ્યાનું સ્થળ પણ રાણીજીનીપાદેડી નક્કી કરી ને તે માટેની સરકારી જમીન પણ ષસંદ કરી દેવાઈ હોવાનું ચચોઈ રહ્યું છે, કમેચારીઓમાં વિરોધ જોવા મળે છે.

### છોટાઉદેપુર જિલ્લાના સંખેડા આર્ટસ અને કોમર્સ કોલેજનું ગૌરવ



**સંખેડા :** છોટાઉદેપુર જિલ્લાના સંખેડા ખાતે આવેલ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના માનનીય કુલપતિ દ્વારા કાપડિયા એન એમ એમ એસ આટ્ર્સ એન્ડ ધ એસ એન એસ બી કોમર્સ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. પરેશ એસ.પુરાણીની બોર્ડ ઓફ સ્ટડીઝ (અર્થશાસ્ત્ર વિષય) તથા પ્રા. પ્રણય એન. શ્રીવાસ્તવની બોર્ડ ઓફ સ્ટડીઝ (અંગ્રેજી વિષય) માં નિયુક્તિ કરવામાં આવી છે.

### બરકાલના વ્યાસેશ્વર મહાદેવના મંદિરે અમાસે ભક્તોએ દર્શનનો લાભ લીધો



**શિનોર :** શિનોર તાલુકાના બરકાલ ગામે નર્મદા નદીની વચોવચ આવેલા એક નાનકડા જંગલમાં વ્યાસેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે.આ મંદિર સાથે અનેક ભાવિક ભક્તોની આસ્થા જોડાયેલી છે.ત્યારે વ્યાસેશ્વર મહાદેવના મંદિર ખાતે માગશર વદ અમાસ સોમવારના દિવસે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતાં. મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ મહા પ્રસાદીનો લાભ લીધો હતો.

### બોડેલી ચારણ ગઢવી સમાજ દ્વારા સોનલ બીજની ઉજવણી કરવામાં આવી



**બોડેલી :** બોડેલી ચારણ ગઢવી સમાજ આયોજીત સોનલ બીજ મહોત્સવ 101 મો જન્મોત્સવ ભવ્ય ધામધૂમથી ઉજવવામાં માં આવ્યો. છોટાઉદેપુર જિલ્લાના બોડેલીમાં આજે ચારણ ગઢવી સમાજ દ્વારા દર વર્ષના જેમ સોનલ બીજ એટલે કે મા સોનલ નો જન્મદિવસ ત્યારે ચારણ સમાજ એકત્રિત થઈને મા સોનલ નો 101મો જન્મોત્સવ ભવ્ય ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો ચારણ સમાજ દ્વારામાં સોનલ નો જન્મોત્સવ દેશ વિદેશમાં રહેતા ચારણ ગઢવી સમાજ તેમજ સોનલ માને માનનારો સમાજ પોષ સુદ બીજના દિવસે માતાજીના ગુણગાન ગાય છે.

### બોડેલીથી રંગોલી ચોકડી રોડની રિપેરીંગ કામગીરીની મુલાકાત લેતા ધારાસભ્ય



**બોડેલી :** બોડેલી થી રંગલી ચોકડી વચ્ચેના રોડના રીપેરીંગ કામની મુલાકાત લેતા ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા છોટાઉદેપુર જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમિયાન ભરાજ નદી પરનો બ્રિજ તૂટતા લોકોને જે હાલાકી પડી હતી તેના કારણે બ્રિજની બાજુમાં ડાઈવરજન બનાવવામાં આવ્યું હતું પરંતુ ઓછી ગુણવત્તા વાળું ડાઈવરજન બનાવવામાં આવતા તે પણ તૂટી જવા પામ્યો હતો જેથી જિલ્લા કલેક્ટર દ્વારા પાવીજેતપુરથી રંગલી ચોકડી તરફ રહી બોડેલી જવા માટે નો જાહેરનામું અપાયું હતું.

---

**રોયલ્ટી, જીએસટી, ટી.ડી.એસ, લેબર પગાર, એક્સપ્લોસિવ જેવાને રોજેરોજ નાણાં ચૂકવવાના હોય છે**

# છોટાઉદેપુર જિલ્લાની માઈન્સ એક મહિનો બંધ રહેશે

**બજારની** વિકટ પરિસ્થિતિ અને મંદીના કારણે કાચા માલનું પૂરતા પ્રમાણમાં વેચાણ થતું નથી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.1

છોટાઉદેપુર પંથકમાં ડોલોમાઈટ ઉદ્યોગમાં માઈન્સ અને મિનરલ એસોસિએશન વચ્ચે ભાવ વધારો તથા મોંઘવારી બાબતે ધંધો બંધ કરવાની નોબત આવી. માઈન્સ એસોસિએશન દ્વારા એક મહિનો સ્વૈચ્છિક માઈન્સ બંધ રાખવા માટે નો નિર્ણય લેવાયો છે અને તે અંગેનો લેટર સોશિયલ મીડિયા ઉપર ફરતો થયો છે.

છોટાઉદેપુર તાલુકાના આસપાસના વિસ્તારમાં ૨૪ જેટલી ડોલોમાઈટ પત્થરની ખાણ આવેલી છે જેમાંથી પત્થર કાઢી (કાચો માલ) નીકળી ને છોટા ઉદેપુર તાલુકામાં જ આવેલી ૧૦૦ જેટલી આ પત્થરનો પાવડર બનાવવાની ફેક્ટરીઓ આવેલી છે ત્યાં સપ્લાય થાય છે. આ ધંધો પરસ્પર ચાલ્યા કરે છે. પરતું હાલ બજારની વિકટ પરિસ્થિતિ અને મંદીના કારણે કાચા માલનું પૂરતા પ્રમાણમાં વેચાણ નથી જેની સીધી અસર લીઝની કામગીરી ઉપર પડે છે. માર્કેટમાં આર્થિક મંદીના કારણે પ્રોસેસિંગ યુનિટનો માલ પણ વેચાતો નથી અને પૂરતો ભાવ મળતો નથી. જેના કારણે રોયલ્ટી, જીએસટી, ટી ડી એસ, લેબર પગાર, એક્સપ્લોસિવ જેવાને રોજેરોજ નાણાં ચૂકવવાના હોય છે. જે કારણે ખાણ માલિકોને પોષાય તેમ નથી જેથી તા.૧-૧-૨૦૨૫ થી તા ૩૧-૧-૨૦૨૫ સુધી ખાણ



બંધ રાખવા ખાણ માલિકો દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. અને અન્ય જગ્યાએ માલનો નિકાસ કરવો નહિ તે પણ નિર્ણય લેવાયો છે. તેમ માઈન ઓનર એસોસિએશન પ્રમુખ મોહંમદ યુસુફ મલા એ જણાવ્યું હતું. જે પરિસ્થિતિનું સર્જન થતાં છોટા ઉદેપુર નો એકમાત્ર આધાર સ્તંભ ગણાતા ડોલો માઈટ ઉદ્યોગ ઉપર માઠી અસર જોવા મળી રહી છે.

જ્યારે છોટાઉદેપુર મિનરલ મર્ચંટ એસોસિએશન મહામંત્રી રમાકાંતભાઈ ધોબી એ જણાવ્યું હતું કે હાલમાં ડોલો માઈટ ઉદ્યોગમાં ભારે મંદીનો માહોલ હોય ખાણ માલિકો દ્વારા જે ભાવ વધારો કરવામાં આવ્યો છે તેમાં ૨૫ રૂપિયા અને ભાડામાં ૨૦ રૂપિયા ઓછા કરવામાં આવે તેવી અમારી માંગ છે. જ્યારે જેની પાસે માલનો સ્ટોક હોય જે પેમેન્ટ કંડીશન ના હિસાબે એક મહિનામાં જે માંગે છે તે ના આપી શકે અને ના ખાલી કરી શકે. માઈનિંગ પેમેન્ટ કંડીશન ની મુદ્દત થોડી વધારે તે જરૂરી છે કારણકે હાલ માં પેમેન્ટ રેગ્યુલર અને પુરતુ આવતું નથી જે ખાણ માલિકો એ વિચારવું જોઈએ જો તેઓ આમાં સહકાર આપે તો મિનરલ એસોસિએશન માલ લેવા માટે તૈયાર છે. તેમ જણાવ્યું હતું.

### મોંઘવારીની સીધી અસર રોજગાર પર પડે છે

દર વખતે ભાવ વધારા બાબતે પ્રશ્ન મોંઘવારીના કારણે ઉદ્ભવે છે. જેની સીધી અસર ધંધા રોજગાર ઉપર જોવા મળે છે. સાથે સાથે ધંધો બંધ રહેતા મજૂર તેમજ કર્મચારી વર્ગને પણ ભારે નુકશાન જાય છે. આદિવાસી પંથકમાં એક માત્ર ડોલો માઈટ ઉદ્યોગ ઉપર મજૂરી કરીને ગરીબ આદિવાસી પોતાનું પેટીયું રળે છે અને ગુજરાન ચલાવે છે. પરતું ડોલોમાઈટ ઉદ્યોગ બંધ થતાં પરપ્રાંત અને રાજ્યના મોટા શહેરો તરફ મજૂરી કરવા હિજરત કરવાનો વારો આવે છે. અને પર રાજ્યમાં ગરીબ પ્રજાનું શોષણ કરવામાં આવે છે આ ગરીબ મજૂરો માટે ખાણ તથા ફેક્ટરી માલિકોએ એક થઈ સમસ્યા નું સમાધાન કરવું જોઈએ. જે આજની પરિસ્થિતિ મા જરૂરી છે.

મિનરલ મર્ચંટ એસોસિએશનનાં પ્રમુખ કૌશિકભાઈ શાહ

# છોટાઉદેપુર અને કવાંટ નગરને જોડતો બ્રિજ જર્જરિત હાલતમાં

**બ્રિજના** 9 નંબરના પાયાને નુકસાન થતા બ્રિજ જોખમી બન્યો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.1

બ્રિજનો 9 નંબરનો પાયાને નુકસાન થતા જોખમી બન્યો પાયા સપોર્ટ વગરના હોય તેવી શંકા ઉપરથી ભારે ભરખમ વાહન પસાર થતા બ્રિજમાં કંપન તથા રેતી ખરવાના બનાવ બની રહ્યા છે.

છોટાઉદેપુર નગરને જોડતો કવાંટ તરફ જતા સ્ટેટ હાઈવે 62 ઉપરનો ઓરસંગનદી ઉપર બનાવવામાં આવેલા છે. જે ઘણા વર્ષો જુના છે. જેના ઉપરથી રોજ અસંખ્ય વાહનો પસાર થાય છે છોટાઉદેપુર નગરને જોડતો બ્રિજ જર્જરિત બન્યો છે કવાંટ તરફ જતા બ્રિજના 9 નંબરના કોલમ ને નુકસાન થવા પામ્યું છે. જ્યારે મોટા વાહનો પસાર થતા નીચે પાયાના ભાગે કંપન થતું



હોય તેવી પ્રજાની ફરિયાદો ઉઠી છે કવાંટ તરફ જતો 9 નંબરનો પાયો નુકસાન થતા જોખમી બન્યો હોય અને પાયા સપોર્ટ વગરના હોય તેવી શંકા પ્રજામાં સેવાઈ રહી છે. જે તસ્વીરમાં પણ સ્પષ્ટ પણે જણાઈ રહ્યું છે.

છોટાઉદેપુર થી કવાંટ તરફ જતો જિલ્લા પંચાયત કચેરી પાસે આવેલો બ્રિજ જર્જરિત જોવા મળી રહ્યા છે. બ્રિજના પાયા ઉપર મોટી તિરાડો જોવા મળી રહી છે. જ્યારે સળિયા પણ બહાર આવી ગયા છે. મોટા વાહનો પસાર થાય ત્યારે પાયાના ભાગે કંપન થતું હોય અને કાંકરી ખરતી હોવાની ફરિયાદો પ્રજા કરી રહી છે. જ્યારે તાજેતરમાં પાયાને વધુ નુકસાન થયું હોય તેમ લાગી રહ્યું છે. આવનારા સમયમાં કોઈ દુર્ઘટના બને તો જવાબદાર કોણ? એ પ્રશ્ન પ્રજામાં ચર્ચાઈ રહ્યો છે.

### માલસર રોડ પર બાઈકમાં આગ લાગતાં અફરાતફરી

(પ્રતિનિધિ) શિનોર, તા.1

શિનોર માં માલસર રોડ પર આવેલી રીયા વેલ્ડીગ વર્કસ નામની દુકાન બહાર વેલ્ડિંગ ની કામગીરી દરમિયાન મોટર સાઈકલમાં આગ લાગતાં ભારે અફરાતફરી મચી જવા પામી હતી.

વડોદરા જિલ્લાના શિનોર મુકામે આજે એક મોટર સાઈકલમાં આગ લાગતાં આગમાં મોટર સાઈકલ સંપૂર્ણ બળીને ખાક થઈ જવા પામી હતી.ત્યારે સમગ્ર ઘટનાની વાત કરવામાં આવે તો શિનોર તાલુકા મથકે મોટર સાઈકલ ની ગેરેજ ધરાવતા લાલાભાઈ રાણા સ્ટેન્ડ ની પિન ને વેલ્ડીંગ કરાવવા માટે રીયા વેલ્ડીગ વર્કસ નામની દુકાન પર ગયા હતાં.તે દરમિયાન અચાનક વેલ્ડિગ નોતણખો પડતાં મોટર સાઈકલમાં એકાએક આગ ભભૂકી ઉઠી હતી. આગ પર કાબુ મેળવવામાં નિશફળતા મળી હતી,જેને લઈને મોટર સાઈકલ આગમાં સંપૂર્ણ બળીને ખાક થઈ જવા પામી હતી.

# ડભોઈથી દેરોલી જતી નાઈટ બસ ખોટકાઈ

(પ્રતિનિધિ) સંખેડા, તા.1

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં ડભોઈથી વાયા સંખેડા દેરોલી જતી બસ ના પાટા તૂટી જવા પામ્યા હતા.સંખેડા થી દેરોલી જતી બસ ના નીચેના ભાગના બોડી ચેચીસના પાટા માંથી છો તૂટલા હતા તેમાંથી પણ બહાદરપુર રેલ્વે ફાટક પાસે એક તૂટી જવા પામ્યા હતા. તેમ છતાં ડભોઈ ડેપો માંથી આ સંખેડા દેરોલી જતી બસના ડ્રાઈવરને ડભોઈ ડેપો ના હેડ મેકેનિક એ દેરોલી જવા કહ્યું હતું. ત્યારે ડ્રાઈવરે ના પાડી હતી તેમ છતાં બસ ના ડ્રાઈવરે ડભોઈ ડેપોમાં હેડ મેકેનિક ઋષિકેશ સાહેબને જાણ કરી હતી કે બસ થોડીક પણ ચાલે એવી હાલતમાં નથી તેમ છતાં હોદ્દા નો રોપ જમાવી ડભોઈ ડેપોના હેડ મેકેનિકે તેમને ડભોઈ ડેપો પરત આવવા કહ્યું હતું. પરંતુ મહત્વની વાત તો એ છે કે ડભોઈ ડેપો માંથી સંખેડા દેરોલી વાળી બસ ચેક કરીને



આપી તો પણ આઠમાંથી બસના બે જ પાટા સારા હતા અને એમાંથી એક પાટો બહાદરપુર રેલવે ફાટક પાસે આવી તૂટી જવા પામ્યો હતો. બસમાં પેસેન્જર બેઠેલા હતા તેમ છતાં ડ્રાઈવરે સમય સૂચકતા વાપરી બસને ધીમી ગતિએ હંકારી જેમ તેમ કરી સંખેડા બસ સ્ટેન્ડે પહોંચાડી હતી તેમ છતાં ડભોઈ ડેપોના હેડ મેકેનિક તેમને આવી બસ લઈને ડેરોલી જવા માટે કહ્યા કરતા હતા તેમ ડ્રાઈવર એ જણાવ્યું હતું અને જો સવાર થયેલા મુસાફરોમાંથી કોઈ જાનહાનિ થઈ હોત તો તેના જવાબદાર કોણ હોત ?

# સુરાશામળ ગામે, વર્ષ 2022 દરમિયાન મનરેગા યોજના હેઠળ કરાયેલા કામમાં ગેરરીતિનો આક્ષેપ

(પ્રતિનિધિ) શિનોર, તા.1

શિનોરના સુરાશામળ ગામે વર્ષ 2022 દરમિયાન, મનરેગા યોજના હેઠળ વરસાદી પાણીના નિકાલ માટે કરાયેલ કૉસ ની કામગીરી મા,મોટી ગેરરીતિ આચરાયા નો આક્ષેપ કરતી લેખિત અરજી ગામના શેરમહંમદ સિંધ્ધિએ તાલુકા સ્તરે થી ઉચ્ચ સ્તર ના અધિકારીઓ ને કરતા,ખળભળાટ મચી જવા પામ્યો છે.બીજી તરફ ગામના સરપંચ ચિરાયુપટેલે શ્રમિકો પાસે કરાયેલ કામ ના નાણા તેઓના એકાઉન્ટ મા જમા થયા હોવાનુ જણાવી, વરસાદી પાણી મા ખોદકામ કરાયેલ કૉસ પૂરાઈ ગયો હોવાની આશંકા વ્યક્ત કરી હતી.. સુરાશામળ ગામની




સીમમા,કાળુભાઈ પાટણવાડીયા ના ખેતર થી સુમનભાઈ પટેલ ના ખેતરસુધી અંદાજીત 1 કિલોમીટર ઉપરાંત ના કૉસના ખોદકામ અંગે નુ કામ વર્ષ 2022 મા મનરેગા યોજના હેઠળ કરાયુ હતુ.આ કામ મા સ્થળ પર કૉસ નુ ખોદકામ કરાયેલુ જણાતુ નથી. તેમ છતાંય શ્રમિકો ના ખાતા મા નાણા કેવી રીતે જમા થયા ? કામ કર્યા વિના ખોટી રીતે નાણા શ્રમિકોના ખાતામા જમા કરાવી, શ્રમિકો પાસે ઉપડાવી,નહિવત રકમ આપી બાકી ની રકમ મળતીયાઓએ સત્તા નો દૂર ઉપયોગ કરી હડપી હોવાનો ગંભીર આક્ષેપ કરતા, ગામ ના શેરમહંમદ સિંધ્ધિએ ઉચ્ચ સ્તર સુધી લેખિત રજૂઆત કરી પગલા ભરવાની માંગ કરી છે.

### યાત્રાધામ ચાંદોદથી 30 જેટલા પદયાત્રીઓએ સાંઇધામ શિરડી જવા પ્રસ્થાન કર્યું



**ડભોઈ :** શ્રદ્ધા સબુરીના મંત્ર સાથે ચાંદોદ થી પ્રતિવર્ષ પગપાળા પદયાત્રીઓ મહારાષ્ટ્ર માં આવેલા સાંઈ ધામ શિરડીની પગપાળા જઈ રહ્યા છે 26 વર્ષ પૂર્ણ કરી ચાલુ વર્ષે 27 માં વર્ષે ના મંગલ પ્રવેશ સાથે પ્રમુખ પંકજ ગાંધી ના સંચાલન હેઠળ ચાંદોદ અને આસપાસના 30 જેટલા સાંઈ ભક્તો પદયાત્રામાં જોડાયા હતા પ્રસિદ્ધ મલ્હારરાવ ઘાટના કિનારે સાંઈબાબા ની દિવ્ય આરતી ઉતારી પદયાત્રીઓ નાવડીમાં સવાર થઈ સામા કિનારે પહોંચી રાજપીપળા માર્ગે થી શિરડી જવા રવાના થયા હતા પદયાત્રીઓ શ્રદ્ધાના સથવારે અંદાજિત દસ દિવસની પદયાત્રા કરી સાંઈધામ શિરડી પહોંચી બાબાના પાવન દર્શન નો લાભ મેળવશે.

**પાદરાના ભદારી ગામે આવાસ યોજનાના સર્વે દરમ્યાનની ઘટના**

# ખોટી અરજી કેમ કરો છો, તેમ કહી યુવક પર જીવલેણ હૂમલો

**મસ્જીદ** ફળિયામાં રહેતા 8 ઈસમોએ હૂમલો કર્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.1

પાદરાના ભદારી ગામે તાલુકા અને જીલ્લા પંચાયત ના અધિકારી સાથે ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજના મકાનોનું સર્વેનું કામ ચાલતું હોય અને તેઓની સાથે ગયેલ અર્જુન વસાવાને એક સંપ થઈ આવી મસ્જીદ વાળા ફળિયામાં રહેતા આઠ ઈસમોએ કહેલ કે તમે તાલુકા અને જિલ્લા પંચાયત ગાંધીનગર ખાતે આવાસ ની આવાસ યોજનાની ખોટી અરજીઓ કરો છો અને ગામમાં સર્વે વાળા સાહેબો સાથે કેમ આવ્યા છો તેમ કહી ગેરકાયદેસર મંડળી રચી અર્જુન વસાવાને લાફો મારી ગાળો બોલી જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા ૮ વ્યક્તિ સામે ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પાદરાના ભદારી ગામે આવાસ યોજના મકાન નું કામ ચાલતું હતું તે દરમ્યાન અર્જુન વસાવા ને ટે સર્વે નું કામ નહી કરવાનું જણાવી આવાસ ની ખોટી અરજીઓ કરે છે અને સર્વેયર સાથે કેમ આવો છે તેમ કહી અર્જુન વસાવા અને ફરિયાદી મહેશ રાવજી વસાવા ને લાફા મારી જાતી વિષયક શબ્દો બોલી જાન થી મારી નાખવાની ધમકી આપતા જે બાબતે અર્જુન વસવાના કાકા મહેશભાઈ રાવજીભાઈ વસાવાએ પોલીસમાં ફરિયાદ આપતા વડું પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

### ભોજ ગામે 4 જુગારીઓ ઝડપાયા, 3 ફરાર

(પ્રતિનિધિ) પાદરા, તા.1

પાદરાના ભોજ ગામે પોલીસે ૪૧૩૦/- ના મુદ્દા માલ સાથે સાત જુગારીઓ સામે જુગાર દ્વારા કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી હતી પોલીસે રેડ દરમિયાન ૪ ઈસમને રંગે હાથે ઝડપી પાડ્યા હતા ૩ જુગારીઓ ફરાર થઈ ગયા હતા. પાદરાના ભોજ ગામે સીમમાં કેનાલ પાસે નવી આવાસ કોલોની પાસે રહેતા જશવંતસિંહ ચંદુભાઈ વાઘેલા ઘરની પાછળ આવેલ આંબાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં પત્તા પાના વડે હારજીતનો જુગાર રમાઈ છે જે બાતમીના આધારે મુદ્દા માલ પકડી પાડ્યો હતો.

# પાદરા ચોકસી બજાર દ્વારા હેલીપેડ મેદાન પર ક્રિકેટ મેચનું આયોજન

(પ્રતિનિધિ) પાદરા, તા.1

પાદરા ચોકસી બજાર સોના ચાંદી ઉદ્યોગ વેપારીઓ દ્વારા ક્રિકેટ મેચનું આયોજન પાદરા વડોદરા રોડ ઉપર આવેલા હેલીપેડ મેદાન ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં વેપારીઓ તેમજ કારીગર સભ્યોએ આનંદ ઉલ્લાસ કરી એકતા નું પ્રતીક આપ્યું હતું પાદરા ચોકસી સોના ચાંદી જ્વેલર્સના તેમજ કારીગરો મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને રમાતી ફેમીલી મેચને નિહાળી હતી.

સમસ્ત પાદરા ચોકસી બજાર સોના ચાંદી ઉદ્યોગ દ્વારા આયોજિત ફ્રેન્ડલી ક્રિકેટ મેચમાં કુલ આઠ વેપારી કાર્યકરોની ટીમ બની હતી જેમાં સાત મેચ રમાડવા આવી હતી. જેમાં ક્વાટર ફાઈનલ, સેમિફાઈનલ અને ફાઈનલ મેચ રમાઈ હતી. આમ વેપારી કારીગર ભેગા મળી વેપારીના વૃદ્ધિ અંગેની ચર્ચા કરી હતી. ગ્રાહકોને સારી સગવડ સેવા પાર્કિંગ મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું હતું અને એક સાથે ભેગા મળી એકતા નો પ્રતિક બતાવ્યું હતું. જે મનોરંજન અને વેપારી કારીગરોની એકતા નું પ્રતીક આપ્યું હતું. ક્રિકેટ મેચ માં ઉતરેલા વેપારી અને કારીગર ખેલાડીઓએ ચોક્કા છક્કા પણ લગાવ્યા હતા.